## આજે રથયાત્રા : સેકટરવાસીઓ માખણચોરના જયઘોષ સાથે

# ભગવાન જગન્નાથજીના હેતે ઓવારણા લેશે

### સવારે ૭ કલાકે સે-૨૨ સ્થિત પંચદેવ મંદિર ખાતે આરતી બાદ દિવ્ય રથનુ પ્રસ્થાન થશે : ભગવાનના મોસાળ સે-૨૯ સ્થિત જલારામ ધામમાં સાત હજાર ભાવિકોને મહાપ્રસાદ પીરસવામાં આવશે

ગાંધીનગર તા ૩

ભગવાન જગન્નાથજીની રથયાત્રા આજે સવારે ૭ કલાકે સે-૨૨ સ્થિત પંચદેવ મંદિરેથી પ્રસ્થાન થસે. જય રણછોડ

પ્રવર્તી છે. આજે સવારે ૭ કલાકે સે-૨૨ સ્થિત પંચદેવ મંદિરથી જયરણછોડ માખણચોરના જયઘોષ સાથે રથયાત્રાનુ પ્રસ્થાન થશે.

ભગવાનના મોસાળમાં સે-૨૯ સ્થિત જલારામ ધામ ખાતે ૭

અપીલ કરી છે. જય રણછોડ .. માખણચોર..ના જયઘોષ

ભગવાનનો રથ સેકટરોમાંથી પસાર થવાનો હોવાથી

નગરના વેપારીઓ પણ રથયાત્રાનભવ્ય સ્વાગત માટે

ધર્માધ્યક્ષ ફુલશંકર શાસ્ત્રીજીનો રથ એક હાથી , ઘોડાવાળી બગી, બેન્ડવાજા,૧૨ ઉંટલારી,૫૦ જેટલા નાના મોટા વાહનો જોડાશે. જયારે

મોસાળ સે-૨૯ સ્થિત જલારામ ધામ ખાતે ૭ હજાર જેટલા ભાવિકોને મોહનથાળ તેમજ ખીચડીના પ્રસાદનુ વિતરણ પણ કરાશે. રથયાત્રા

**ભગવાનના દિવ્ય રથ, સાથે હાથી ઘોડા , બેન્ડવાજા અને ભજન મંડળી સહીત મોટી સંખ્યામાં ભાવિકો જોડાશે : રથયાત્રામાં ભાવિકો માટે અનેક આકર્ષણો : નાના મોટા ૭૫ વાહનો પણ સામેલ થશે**

હજાર જેટલા ભાવિકોને મોહનથાળ તેમજ ખીચડીનો મહાપ્રસાદ પીરસવામાં આવશે.

સાથે પ્રસ્થાન થનારી રથયાત્રાના સ્વાગત માટે સેકટરમાં ભાવિકો પણ ઉત્સુક બન્યા છે.

સ્થાનિકોમાં પણ ઉત્સાહનુ મોજુ ફરી વળ્યુ છે. પવિત્ર સુત્રોચ્ચાર વચ્ચે સેકટરોની

ઉત્સુક અને સજ્જ છે.ભગવાન જગન્નાથજીની રથયાત્રાને અનુલક્ષીને આ વર્ષે











..માખણચોરના જયઘોષ સાથે ભગવાનની આરતી અને પુજા વિધી બાદ દિવ્ય રથયાત્રા નિયત રૂટમાં આગળ વધશે. રથયાત્રામાં હાથી , ઘોડા અને બેન્ડવાજા સહીત ૭૫ જેટલા વાહનો પણ જોડાશે. રથયાત્રાનુ શહેરના સેકટરોમાં ઠેર ઠેર ભવ્ય સ્વાગત કરવા માટે પણ ભાવિકો ઉત્સુક છે. ભગવાનના રથને પણ નવો શણગાર કરવામાં આવ્યો છે. ત્યારે ભાવિકો પણ ભગવાનના રથના હેતે ઓવારણા લેવા ઉત્સુક છે. અંદાજિત ૧.૫ કી મી લાંબી યાત્રા નગરના ૩૧ કી મીના રૂટમાં પરિભ્રમણ કરશે. ભગવાનના મોસાળ સે-૨૯ સ્થિત જલારામ ધામ ખાતે ૭ હજાર ભાવિકોને પ્રસાદ પીરસવામાં આવશે.

ભગવાન જગન્નાથજીની ૩૫ મી રથયાત્રાને અનુલક્ષી ભાવિકોમાં આનંદની હેલી

ભગવાન જગન્નાથજીની રથયાત્રાના પ્રારંભ પુર્વે ભગવાનની આરતી કરવામાં આવશે. આ પ્રસંગે પંચદેવ મંદિરના ધર્માધ્યક્ષ ફુલશંકર શાસ્ત્રી, રથયાત્રા સમિતિના દિનેશ કાપડીયા , નગરના અગ્રણી અરૂણ બુચ સહીત ભાવિકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેશે. રથયાત્રા પંચદેવ મંદિરથી આગળ વધી તેના નિયત રૂટમાં સે-૨૨ ના શોપિંગ તરફ જશે. જયરણછોડ ..માખણચોરના જયઘોષ સાથે પ્રસ્થાન થયેલી રથયાત્રામાં હાથી, ઘોડા અને બેન્ડવાજા સાથે ઘોડેસવાર યુવાનો તેમજ ભજન મંડળી સહીત અનેક સંસ્થાઓ પણ જોડાશે. રથયાત્રામાં ભગવાનના દિવ્ય રથ સાથે હાથી ,ઘોડા અને બેન્ડવાજા સાથે ૭૫ જેટલા વાહનો તેમજ મોટી સંખ્યામાં ભાવિકો જોડાશે.

રથયાત્રા શાંતિપુર્ણ માહોલમાં

ગાંધીનગરમાં આજે

શેરીઓમાં અનોખી

ભગવાનના રથનુ નવિનીકરણ

### રથયાત્રા પાછળનો ઈતિહાસ

જેમ પરંપરાગત રીતે ભગવાનનો જન્મોત્સવ કે લગ્નોત્સવ ઉજવાય તેમ મંદિરની પરંપરાઓમાં રથયાત્રા એ મહત્વનો ઉત્સવ છે. શહેરની રથયાત્રા તો ૧૯૮૫થી જોરશોરથી શહેરમાં નીકળે છે અને શહેરીજનો તેમાં ઉત્સાહભેર જોડાય છે.

રથયાત્રા પાછળનો ઈતિહાસ એમ છે કે, ઈન્દ્રદ્યુમન નામના રાજાને ભગવાન પુરુષોત્તમ ક્ષેત્ર (નિલાચલ ક્ષેત્ર)માં ભગવાનના દર્શન માટેની તાલાવેલી હતી જેથી તેણે તપ કરી ભગવાનનો સાક્ષાત્કાર કર્યો અને તે ભગવાનના ત્રણ સ્વરૂપમાં થયો સુભદ્રાજી, બલરામજી અને ભગવાન નારાયણ અને ત્યારથી પુરુષોત્તમક્ષેત્રમાં મંદિર બન્યું. દરેક ક્ષેત્રમાં કાંઈને કાંઈક વસ્તુ, જેવા કે તહેવાર પ્રસિધ્ધ હોય તેમ પુરુષોત્તમ ક્ષેત્રમાં રથયાત્રા પ્રસિધ્ધ છે તે વિસ્તારમાં રસ્તા રથયાત્રાને અનુલક્ષીને બનાવાયા છે ત્યાં દર વર્ષે નવા રથ બને છે. જેઠ સુદ પુનમથી રથયાત્રાની શરૂઆત થાય અને રથયાત્રાનો ઉત્સવ ૧૫ દિવસ ચાલે છે. ભગવાન મોસાળમાં ૯ દિવસ રહે છે અને રથયાત્રાના દિવસે પાછા આવે છે.

ભગવાનની મૂર્તિ બનાવવા માટે કહેવાયું છે કે વિશ્વકર્મા સુથારનું રૂપ લઈ મૂર્તિ બનાવવા માટે આવ્યા અને તેમણે એક રૂમ બંધ કરી મૂર્તિ બનાવવાની શરૂઆત કરી અને દરેકને જણાવ્યું હતું કે કોઈ અંદર આવશે નહિ અને દરવાજો ખોલશે નહિ પરંતુ ઘણો સમય વિતી જતા રાણીથી રહેવાયું નહી અને તેમણે રૂમની અંદર પ્રવેશવા દરવાજો ખોલ્યો અને વિશ્વકર્મા અદશ્ય થઈ ગયા ત્યારથી જેટલી મૂર્તિનું ઘડતર થયું હતું તેટલી જ મૂર્તિ હાલ જોવા મળે છે. જગન્નાથપુરીમાં ૧૨ વર્ષે કલેવર બદલવાનો પ્રસંગ આવે એટલે કે જુની મૂર્તિ પધરાવી નવી મૂર્તિ બનાવાય. એવી માન્યતા છે કે સમુદ્રમાંથી દર ૧૨ વર્ષે લાકડું તરતું આવે છે અને તેમાંથી જગન્નાથજીની લાકડાની મૂર્તિ બનાવાય છે.

શિસ્તબદ્ધ રીતે યોજાય તે માટે પણ રથયાત્રા સમિતિએ

ભગવાન જગન્નાથજીની ૩૫ મી ભવ્ય રથયાત્રા નિકળશે.

આધ્યાત્મિક ચેતના જાગૃત થશે. જયારે ભાવિકો તેમજ

કરાયુ છે. રથયાત્રામાં ભગવાનના દિવ્ય રથ,

આસપાસના ગામોમાંથી પણ વાહનો સાથે ભાવિકો રથયાત્રામાં જોડાશે. રથયાત્રામાં અંદાજિત ૭૫ જેટલા વાહનો તેમજ ૧૫ ટેબલો પણ સામેલ હશે. અંદાજિત ૧.૫ કી મી લાંબી રથયાત્રા નગરના ૩૧ કી મીના રૂટમાં ફરશે. આ દરમિયાન શહેરમાં શાંતિ અને શિસ્તનુ વાતાવરણ જળવાઈ રહે તે માટે પણ સમિતિ દ્વારા નગરજનોને અપીલ કરવામાં આવી છે. રથયાત્રા તેના પરંપરાગત નિયત રૂટમાં આગળ વધશે. રથયાત્રામાં વિવિધ સ્વાગમાં સજ્જ બાળકો , ઘોડેસવાર યુવાનો પણ આકર્ષણનુ કેન્દ્ર બનશે. આ દરમિયાન સેકટરોમાં ભાવિકોને રથયાત્રાનુ ભવ્ય સ્વાગત કરવા માટે પણ જણાંવાયુ છે. જયારે બપોરે વિસામાના સમયે ભગવાનના

દરમિયાન પ્રસંગને અનુરૂપ જ ભજન કીર્તન કરવા તેમજ ધાર્મિક સુત્રોચ્ચાર કરવા માટે પણ જણાવાયુ છે. રાજકીય પક્ષો પોતાનો પ્રચાર કરી શકશે નહીં. રથયાત્રા દરમિયાન ભાવિકો માટે નગરના વસાહત મંડળો,મહીલા મંડળો,વેપારીઓ, શાકભાજીના વેપારીઓ, ધાર્મિક સંસ્થાઓ અને સામાજિક સંગઠનો દ્વારા પ્રતિવર્ષની જેમ સહકાર પુરો પાડવામાં આવશે તેવી અપીલ પણ સમિતિ દ્વારા કરવામાં આવી છે. રથયાત્રાના રૂટમાં અંદાજિત જાંબુ અને મગના ૨ હજાર કીલો પ્રસાદનુ પણ વિતરણ કરાશે. પંચદેવ યુવક મંડળના યુવાનો ૩૧ કી મીના રૂટમાં ભગવાનનો રથ ખેંચશે. રથયાત્રા શહેરમાં નિયત રૂટમાં પરિભ્રમણ કરીને સાંજે ૭:૩૦ કલાકે નિજ મંદિર પરત થશે.

## કોંગ્રેસના ધારાસભ્યોને ગાંધીનગર બહાર લઈ જવાયા

ગાંધીનગર, તા. ૩

૫ મી જુલાઈએ રાજ્યસભાની બે બેઠકોની ચૂંટણી માટે યોજાનાર મતદાનપૂર્વે કોંગ્રેસના ધારાસભ્યોને આજે એક ખાનગી લકઝરી બસ દ્વારા ગાંધીનગર બહાર લઈ જવામાં આવ્યા છે.

પહેલા આ ધારાસભ્યોને માઉન્ટ આબુ લઈ જવાની વાત હતી પરંતુ આ પછી કાર્યક્રમમાં બદલાવ કરાયો છે અને ધારાસભ્યોને ગુજરાત બહાર નહિ પણ પાલનપુર નજીક જ રાખવામાં આવશે. જોકે ધારાસભ્યો પહેલા આ આદ્યશક્તિ અંબાના દર્શને જશે.

૫ મીએ સવારે ધારાસભ્યો પરત આવશે. કોંગ્રેસના ૭ ધારાસભ્યો સામાજિક અન્ય કારણોસર આ પ્રવાસમાં જોડાઈ શક્યા નથી. ગાંધીનગરની માણસા બેઠક પરથી વિજયી થયેલા સુરેશ પટેલ બિમાર હોવાથી પ્રવાસમાં જોડાયા નથી.

૨૦૧૭માં રાજ્યસભાની ચૂંટણી વખતે પણ ધારાસભ્યોને બેંગ્લોરૂ લઈ જવાયા હતા. જે મુદ્દો રાજકીય વર્તુળોમાં ભારે ચર્ચાસ્પદ રહ્યો હતો.

વિધાનસભામાં ૭ બેઠકો હાલ ખાલી પડેલી છે. ૧૮૨ની સભ્ય સંખ્યા ધરાવતી વિધાનસભાના ૧૭૫ સભ્યો આ ચૂંટણીમાં મતદાન કરશે.

આ ચૂંટણી શ્રી અમિત શાહ અને સ્મૃતિ ઈરાની રાજ્યસભામાંથી લોકસભામાં જતાં ખાલી પડેલી બેઠકોની યોજાઈ રહી છે.

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225

## જળશક્તિ અભિયાનને જોવા-જાણવા માટે કેન્દ્રની ટીમ આજે આવશે

ગાંધીનગર, તા. ૩

૧લી જુલાઈથી ગાંધીનગર જિલ્લામાં શરૂ થયેલી જળશક્તિ અભિયાનના આયોજન તેમજ પરિસ્થિતિની સમીક્ષા માટે ભારત સરકારના ત્રણ ઉચ્ચ અધિકારીઓની ટીમ આજથી જિલ્લાના પ્રવાસે આવી રહી છે.

ત્રણ સભ્યોની ટીમ જિલ્લામાં ત્રણ દિવસ રોકાશે. આ ટીમ પહેલાં કલેક્ટર કચેરીમાં અભિયાનના આયોજનની વિગતો મેળવશે. આ ટીમ જળશક્તિ અભિયાનને લઈ શૈક્ષણિક સંસ્થાઓના વડાઓ સાથે તેમજ પાણી ક્ષેત્રે કામ કરતી એન.જી.ઓ. સાથે પણ અલગ અલગ બેઠક કરશે.

આ ટીમ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારની પણ મુલાકાતે જશે એટલુ જ નહિ જળશક્તિ અભિયાનના આયોજનને ચકાસશે.

આ ટીમ સેન્ટ્રલ વૉટર બોર્ડના સાયન્ટીસ્ટ ઉપરાંત બે સંયુકત સચિવ કક્ષાના અધિકારીઓ પણ છે. આ ટીમની પ્રથમ મુલાકાત છે.

ગાંધીનગર જિલ્લામાં જળશક્તિ અભિયાનને લઈ કેન્દ્રની ટીમ આવી રહી હોવાથી તંત્ર દ્વારા તડામાર તૈયારીઓ હાથ ધરવામાં આવી છે.

ગાંધીનગર જિલ્લામાં જળસંચયને લઈ છેલ્લા ત્રણ વર્ષમાં કરાયેલી વિવિધ કામગીરી અંગે પણ પ્રેઝન્ટેશન તંત્ર દ્વારા તૈયાર કરવામાં આવી રહ્યું હોવાનું જાણવા મળેલ છે. આ ઉપરાંત સુજલામ્ સુફલામ્ અંતર્ગત થયેલ કામગીરીની પણ વિસ્તૃત વિગતો આ કેન્દ્રીય ટીમને આપવામાં આવશે તેમ જાણવા મળેલ છે.



વાવોલમાં શાલ્વિક હોમ્સથી જીઆઈડીસી તરફ જતો માર્ગ જ્યાં જીઆઈડીસીના પાછળના ભાગે જોડાય છે ત્યાં એક સાથે બે વાછરડાં મૃત હાલતમાં પડ્યાં છે જેને કૂતરાં તથા કાગડાં પણ ફોલી રહ્યાં છે આ કારણે આ વિસ્તારમાં દુર્ગંધનું સામ્રાજ્ય છવાયુ છે જેથી અહીના ફેક્ટરીઓના સંચાલકો તથા કામદારો તો ત્રસ્ત છે પરંતુ આ માર્ગ પર નિયમિત મોર્નિંગ વોક કરવા જતા રહીશો પણ પરેશાનીનો ભોગ બની રહ્યાં છે. વળી, આ ગૌ-વંશ કોનું છે, કેવી રીતે વાછરડાં મર્યા તથા કેમ અહી ફેંકી દેવાયા તે બાબતો અંગે પણ અનેક શંકા-કુશંકાઓ વહેતી થઈ રહી છે.

### વિધાનસભામાં ગાંધીનગર



- ધનંજય જોષી

### સરકારે બે વર્ષમાં ૨૩૧ તળાવ ઉંડા કરવા મંજુરી આપી

ગાંધીનગર જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં ૧૩૬ ગામોમાં ૨૩૧ તળાવો ઉંડા કરવા માટે સરકારે મંજુરી આપી છે. કલોલના ધારાસભ્ય બળદેવજી ઠાકોરના પ્રશ્નના ઉત્તરમાં રજુ કરાયેલા લેખિત જવાબ મુજબ બે વર્ષમાં ગાંધીનગર તાલુકાના ૪૪ ગામોમાં ૬૦ , માણસા તાલુકાના ૨૨ ગામોમાં ૨૮, દહેગામ તાલુકાના ૨૭ ગામોમાં ૬૩ અને કલોલ તાલુકાના ૪૩ ગામોમાં ૮૦ તળાવો ઉંડા કરવા માટે મંજુરી આપવામાં આવી છે. જયારે આ મામલે સરકારને એકપણ ફરિયાદ મળી નથી.

### જિલ્લાના ૭૫ એકમોને વિજમાફી આપવામાં આવી

ગાંધીનગર જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં ઔદ્યોગિક ગૃહ એકમોને વિજ શુલ્કમાં માફી આપવામાં આવી છે કે કેમ તે અંગે માણસાના ધારાસભ્યએ રજુ કરેલા પ્રશ્નના જવાબમાં ઉર્જા મંત્રીના જણાંવ્યા મુજબ જિલ્લામાં બે વર્ષ દરમિયાન કુલ ૭૫ ઓદ્યોગિક એકમોને વિજ માફી આપવામાં આવી છે. જે અન્વયે કુલ ૧૦.૫૯ કરોડની રકમ માફી આપવામાં આવી છે.

નવા શરૂ કરાયેલા ઓદ્યોગિક એકમોને પ્રથમ પાંચ વર્ષ દરમિયાન આર્થિક સહાય મળી રહે તે હેતુથી વિજ શુલ્કમાં માફી આપવામાં આવી હોવાનુ પણ જણાંવાયુ છે.

### જિલ્લામાં માર્ગ નિર્માણના ૮૩ કામો પુર્ણ કરાયા

ગાંધીનગર જિલ્લામાં બે વર્ષ દરમિયાન મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના અન્વયે તાલુકાવાર રસ્તાઓને મંજુરી આપવામાં આવી છે. જેમાં દહેગામ તાલુકાના ૨૫ ગામોમાં ૧૯ રસ્તા ગાંધીનગર તાલુકાના ૪૯ ગામોમાં ૩૬, કલોલ તાલુકામાં ૨૮ ગામમાં ૧૯ અને માણસા તાલુકાના ૧૫ ગામોમાં ૯ રસ્તાના કામો મંજુર કરાયા છે.

આ પૈકી કેટલાક રસ્તાના કામો પુર્ણ કરી દેવાયા છે. જયારે અમુક કામો પ્રક્રીયા હેઠળ છે. કલોલના ધારાસભ્યના પ્રશ્નના ઉત્તરમાં જણાવાયા મુજબ બે વર્ષમાં જિલ્લામાં રસ્તાના ૨૨૦ કામો માટે જોબ નંબર ફાળવવામાં આવ્યા છે. તે પૈકી ૮૩ કામો પુર્ણ કરાયા છે. જયારે આ કામગીરી દરમિયાન ત્રણ ફરિયાદ મળી હતી. પરંતુ તપાસના અંતે કામગીરીમાં ગુણવત્તા હોવાનુ ધ્યાને આવ્યુ હતુ.

### ખાદ્યપદાર્થોનુ ઉત્પાદન કરતા ૧૮૧ ઓદ્યોગિક એકમોની તપાસ કરવામાં આવી

ખોરાક અને ઓષધ નિયમન તંત્ર દ્વારા ગાંધીનગર જિલ્લામાં બે વર્ષ દરમિયાન ખાદ્યપદાર્થોનુ ઉત્પાદન કરતા ૧૮૧ ઓદ્યોગિક એકમોની તપાસ કરવામાં આવી હતી. જયારે આ પૈકી કસુરવાર માલુમ પડેલા ૧૭ એકમો પૈકી ૭ એકમો સામે અરજી દાખલ કરવામાં આવી હતી. જયારે ૧૦ એકમો સામે કાર્યવાહી કરવાની બાકી છે.






ગાંધીનગર માટે
આપનું LED TV બગડે તો દુકાને આવવાની જરૂર નથી
ફક્ત ફોન કરો
સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ
ચંદ્ર ફોટો સ્ટુડિયોની બાજુમાં, સેક્ટર-૨૪, ગાંધીનગર
મો. : ૯૭૧૪૧૯૮૩૬૬

ટચુકડી જાહેર ખબર
રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧

